॥ શ્રી ચિંતામણી-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૧૩

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

આસો સુદ-૫, સં. ૨૦૬૭

જિનશાસનશણગાર પૂજ્ય ગીતાર્થ જ્ઞાની ગુરુભગવંતોના ચરણોમાં સાદર વંદના તથા આદરણીય સુશ્રાવકશ્રી તથા પંડીતજીઓને શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના સબહુમાન પ્રણામ.

## ચાલો, આપણો ધ્વનિવારસો સુરક્ષિત કરીએ

બે અને પાંચ પ્રતિક્રમણના સૂત્રો, નવસ્મરણાદિ શ્રાવકજીવનની મહત્તમ આરાધનાના અંગરૂપે શ્રી સંઘમાં પ્રતિષ્ઠિત છે. આ પ્રત્યેક સૂત્રોની રચનામાં વિવિધ છંદ, સંપદા અને ચોક્કસ રાગ તથા લય સમાવિષ્ટ છે. તેના સ્પષ્ટ ઉચ્ચારનું પણ અત્યધિક મહત્વ છે. જે તે ચોક્કસ અવસરે સ્પષ્ટોચ્ચાર પૂર્વકનું તેનું ગાન વિશિષ્ટ માનસિક અસર કરનારું હોય છે અને તેમાં ધ્વનિ વિજ્ઞાન અંતર્નિહિત છે.

જાણવા મળ્યા મુજબ ભારતભરના વિવિધ પ્રદેશોમાંથી વેદપાઠી ૪૦૦ બ્રાહ્મણ પંડિતોનું મિલન યોજવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ વેદના ચોક્કસ અને સ્પષ્ટ ધ્વનિનું સંકલન કરવાનો હતો. અહીં એવા જ વેદપાઠીઓ ને આમંત્રણ આપવામાં આવેલ કે જેઓએ ગુરુપરંપરા પૂર્વક વેદ મુખપાઠ લીધા હોય, કે જેમાં તેમને વેદનો પરંપરાગત ધ્વનિ પણ મળ્યો હોય. વેદના સર્વ ટોચ કક્ષાના વેદપાઠીઓએ આ સંમેલનના ઉપસંહાર રૂપે વેદના ઉચ્ચારોનું સ્ટાન્ડર્ડ સંકલન કરી પછી તેનું રેકોર્ડીંગ કરાવી લીધુ, જેથી ભવિષ્યની પેઢીને વેદના શુદ્ધ ઉચ્ચારોનું જ્ઞાન અને આલંબન રહે.

ભક્તિયોગાચાર્ય શ્રી યશોવિજયસૂરિજી ની વાંચના દ્વારા સાંભળ્યા મુજબ આપણે ત્યાં પ્રાકૃતસૂત્રોનું સંસ્કૃતમાં રૂપાંતરણ નહિ કરવા પાછળ પણ મુખ્ય ઉદ્દેશ પ્રાકૃત સૂત્રોના ગણધરગુંફિત શબ્દોમાં સચવાયેલ ધ્વનિને સાચવવાનો હતો. આ મુદ્દે શ્રી સંઘમાં જાગૃતતા આવે તે જરૂરી જણાય છે.

બે-પાંચ પ્રતિક્રમણના સૂત્રો, નવસ્મરણાદિને સ્પષ્ટ ઉચ્ચાર, રાગ, લય અને સંપદાઓથી બોલવામાં આવે તો એના અજબગજબના સૂત્રોક્ત લાભો અને સંવેદનાઓ અવશ્ય પ્રગટી શકે. નમુત્થુણં બોલતા અહોભાવનો લય ઉભો થાય અને વંદિત્તુ બોલતા દુષ્કૃતગર્હાની સંવેદનાઓ પ્રગટે. તીર્થવંદના કરતા આનંદના રોમાંચ ખડા થાય અને સાત લાખમાં સર્વ જીવ પ્રત્યે ક્ષમાપનાના ભાવ પ્રગટે.

પ્રસ્તુત વિષયના વિદ્વાનો દ્વારા સૂત્રોનું આ પ્રમાણેનું શાસ્ત્રોક્ત રેકોર્ડીંગ કરાવી પછી ધાર્મિક પાઠશાળાઓમાં પ્રથમ શિક્ષકો અને તે દ્વારા વિદ્યાર્થીઓમાં આ બાબતની જાગૃતિ લાવવામાં આવે તો જૈનસંઘમાં એક અજબગજબની ક્રાંતિ આવે. જરૂર છે જૈનસંઘને આવા કોઇ વિશિષ્ટ ક્રાતિકારીની !

વર્તમાનમાં આનંદઘનજીના પદો આદિને સ્તવનોના મુખ્ય શાસ્ત્રીય રાગમાં, સૂર અને લયમાં રેકોર્ડીંગ કરવામાં આવ્યા છે. શાસ્ત્રીય રાગો, જ્યારે આજે ભૂલાતા જાય છે, એવા સમયમાં આ સમયોચિત કાર્યની અનુમોદના કરવી ઘટે. પૂ. યશોવિજયજી, પૂ. દેવચંદ્રજી, પૂ. માનવિજયજી આદિની ચોવિશિઓ, અન્યાન્ય સ્તવનાઓ પર પણ તાકિદે આ કાર્ય થવું ઘટે. કોઇ એક અનુભવી મહાત્માના માર્ગદર્શન હેઠળ ઉત્સાહી શ્રાવકવર્ગ આ કાર્ય ઉપાડી લે તો શક્ય છે.

" दासोऽहं सर्व साधूनाम् "

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

## લિપ્યંતરણ થયેલ અપ્રગટ કૃતિઓ સંશોધન-સંપાદન માટે ઉપલબ્ધ છે.

આપણા પૂર્વાચાર્યોએ સતત જ્ઞાનોપાસના કરી ભવિષ્યની પેઢી માટે આગમગ્રંથોની ટીકાઓ, પ્રકરણગ્રંથોના નવસર્જનો, તેની ટીકાઓ આદિ અનેક પ્રકારના વિવિધ સાહિત્યની રચના કરી છે, જે વિદ્વદ્ભોગ્ય છે. ઉપરાંત લોકભોગ્ય બની રહે એ પ્રમાણે નાના નાના ચરિત્રગ્રંથો, ભક્તિસભર સ્તવનો, વૈરાગ્યસભર સજ્ઝાયો, પ્રભુભક્તિની થોયોના જોડકાઓ, ચોપાઇઓ, લાવણીઓ આદિ રચનાઓ તો એટલા વિશાળ પ્રમાણમાં થઇ છે કે હજી પણ આવી અઢળક કૃતિઓ અપ્રકાશિત મળી રહે. વળી આ બધી કૃતિઓ વધુમાં વધુ પાંચ-સાત-દશ પૃષ્ઠોમાં સમાવિષ્ટ થઇ જતી હોય છે. જેઓને લિપ્યંતરણ કરવા દ્વારા શ્રુતજ્ઞાનની ઉપાસના કરવી હોય તેઓને આ લઘુકૃતિઓ ખૂબ ખૂબ ઉપયોગી બની રહે છે. અમે અહીં સાબરમતીમાં લિપ્યંતરણના વર્ગો ચલાવેલ, જેમાં અનેક સાધ્વીજી ભગવંતોએ તેનું જ્ઞાન મેળવ્યું અને આવી પ્રાયઃ અપ્રગટ લઘુકૃતિઓનું લિપ્યંતરણ પણ કર્યું. અમારી પાસે જુદા-જુદા સાધ્વીજી ભગવંતોએ લિપ્યંતરણ કરેલ લઘુકૃતિઓ ઉપલબ્ધ છે, જેઓને પણ સંશોધન-સંપાદન કરીને પ્રકાશિત કરવાની ભાવના હોય તેઓ ખુશીથી મંગાવી શકે છે. તેમજ તેની કેટલીક યાદી પણ અત્રે રજુ કરી રહ્યા છીએ. તેના મુદ્રણ-પ્રકાશન માટેના ખર્ચ તેમજ વિતરણ આદી વ્યવસ્થા વગેરેમાં પણ અમે યોગ્ય રીતે સહાયભૂત થવા પ્રયત્ન કરી શકીશું.

| ક્રમ | કૃતિ નામ | કર્તા | હસ્તપ્રત ભંડાર | પ્રમાણ |
|---|---|---|---|---|
| ૧ | સિધ્ધસેન દિવાકર | ------------------ | શ્રી હેમચંદ્રાચાર્ય ભંડાર-પાટણ | શ્લોક ૩૬ |
| ૨ | યતિદિન કૃત્ય | પૂ. હરિભદ્રસૂરિજી | ---------------- | પૃષ્ઠ ૧૪ |
| ૩ | મિથ્યાત્વ સપ્તતિ | પૂ. દેવેન્દ્રસૂરિજી | શ્રી હેમચંદ્રાચાર્ય ભંડાર-પાટણ | શ્લોક ૭૪ |
| ૪ | તીર્થમાલા | ------------------ | શ્રી સંવેગી પગથિયાનો ઉપાશ્રય-અમદાવાદ | પૃષ્ઠ ૧૧ |
| ૫ | વિસંવાદ શતક | ------------------ | ---------------- | પૃષ્ઠ ૧૬ |
| ૬ | કથા ગ્રંથ(૩૧ કથા ગુજ.) | ------------------ | શ્રી નિતીવિજય શાસ્ત્ર સંગ્રહ-ખંભાત | પૃષ્ઠ ૧૯૭ |
| ૭ | પ્રબોધસાર | ------------------ | ભાંડારકર કાગળનો ભંડાર | પૃષ્ઠ ૪૮ |
| ૮ | સિધ્ધાંત રત્નાવલી | શ્રી જિનચંદ્રસૂરિજી | ભાંડારકર તાડપત્રિય | શ્લોક ૩૨ |
| ૯ | પૂજા પંચાશિકા | પૂ. મહિમાવિજયજી | આ. કૈલાશસાગરસૂરિજી જ્ઞાનમંદિર-કોબા | પૃષ્ઠ ૩૮ |
| ૧૦ | સંવેગરસ ચંદ્રાવલી | ------------------ | શ્રી સંવેગી પગથિયાનો ઉપાશ્રય | પૃષ્ઠ ૧૦ |
| ૧૧ | વિચાર મંજરી | ------------------ | આ. કૈલાશસાગરસૂરિજી જ્ઞાનમંદિર-કોબા | પૃષ્ઠ ૧૨ |
| ૧૨ | જ્ઞાનપ્રબોધ | વાચકજસવિજયજી | ભાભાનો પાડાનો ભંડાર-પાટણ | શ્લોક ૧૬૧ |
| ૧૩ | આરામ નય કથાનક | ------------------ | શ્રી સંવેગી પગથિયાનો ઉપાશ્રય | શ્લોક ૧૦૬ |
| ૧૪ | કમલાવતીનો રાસ | ------------------ | આણંદજી કલ્યાણજી ભંડાર-લીંબડી | પૃષ્ઠ ૫ |
| ૧૫ | પૃથ્વીચંદ્ર રાસ | ------------------ | આણંદજી કલ્યાણજી ભંડાર-લીંબડી | પૃષ્ઠ ૬ |
| ૧૬ | મેઘકુમાર રાસ | ------------------ | આણંદજી કલ્યાણજી ભંડાર-લીંબડી | પૃષ્ઠ ૫ |
| ૧૭ | અડગદત્ત રાસ | ------------------ | આણંદજી કલ્યાણજી ભંડાર-લીંબડી | પૃષ્ઠ ૯ |
| ૧૮ | કોચર વ્યવહારીનો રાસ | ------------------ | આણંદજી કલ્યાણજી ભંડાર-લીંબડી | પૃષ્ઠ ૧૬ |
| ૧૯ | દશવિધ યતિ ધર્મ | ------------------ | શ્રી સંવેગી પગથિયાનો ઉપાશ્રય | પૃષ્ઠ ૧૫ |
| ૨૦ | ચઉવિંશતિ જિન સ્તુતિ | સોમવિમલસૂરિજી | ---------------- | પૃષ્ઠ ૨ |

# સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

---

### પૂ.આ.રાજશેખરસૂરિજી તથા પૂ.શ્રી ધર્મશેખરવિજયજી (પૂ.રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) તત્વાર્થાભિગમ્ સૂત્ર - સભાષ્ય - હારિભદ્રીય ટીકા - ભાવાનુવાદ

(૨) પંચાશક પ્રકરણ ભાગ-૧,૨ - સંસ્કૃત - પ્રતાકારે

(૩) શંકા-સમાધાન-કલ્યાણ માસિકમાં છપાયેલ લેખોનું સંકલન

---

### પૂ.આ.સોમચંદ્રસૂરિજી (પૂ.નેમિસૂરિજી સમુદાય)

(૧) નૈષધ મહાકાવ્ય - પૂ.રત્નચંદ્રસૂરિજી ટીકા

(૨) શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર - પૂ. પદ્મપ્રભસૂરિજી રચિત

(૩) પંચ ચરિત્ર વૃતિ - સાધુ સોમ ગણિ વિરચિત

(૪) લઘુ પંચ મહાકાવ્ય - વૃતિ - પારા પ્રદિપ - પૂ.શાંતિચંદ્રસૂરિજી
(મેઘાભ્યુદય, ઘટ ખર્પર, ચંદ્ર દૂત, રાક્ષસ, શિવભદ્ર)

(૫) ખીમશી શર્માભ્યુદય (પુણ્યપ્રકાશ મહાકાવ્ય) - પૂ.રત્નકુશલ ગણિ વિરચિત

(૬) કીર્તિ કલ્લોલિની - શ્રી હેમવિજયજી ગણિ

(૭) મારૂ ગુર્જર કોષ - શ્રી વલ્લભ ઉપાધ્યાય

(૮) વૃત્ત રત્નાકર વૃતિ - શ્રી સમયસુંદર - શ્રી સોમચંદ્ર ગણિ

(૯) ક્ષેત્ર સમાસ રાસ તથા સંગ્રહણી રાસ - શ્રી મતિસાગરજી

(૧૦) યોગ રત્નાકર રાસ - મુનિ નયનશેખરવિજયજી

(૧૧) શ્રાદ્ધવિધિ પ્રતિક્રમણ સટીક - શ્રી લક્ષ્મીતિલક ઉપાધ્યાય

(૧૨) ઉત્તરાધ્યયન સૂત્ર વૃત્તિ (કથા) શ્રી પદ્મસાગર ગણિ

---

### પૂ. આ.ગુણરત્નસૂરિજી (પૂ.પ્રેમ ભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) અનેકાંત જય પતાકા - સ્વોપજ્ઞ વૃત્તિ - ટીપ્પણ, અનુવાદ સહિત

---

### પૂ.પં.શ્રી મુક્તિચંદ્રવિજયજી-પૂ.પં.મુનિચંદ્રવિજયજી (કચ્છવાગડ પૂ.કલાપૂર્ણસૂરિજી સમુદાય)

(૧) વસુદેવહિંડી - સંસ્કૃત છાયા સાથે - ૨૮૦૦ શ્લોક પ્રમાણ

---

### પૂ.ગણિવર્ય શ્રી તીર્થ ભદ્રવિજયજી (કચ્છવાગડ પૂ.કલાપૂર્ણસૂરિજી સમુદાય)

(૧) શ્રી ઉતરાધ્યયન વૃત્તિ - શ્રી તપોરત્ન

(૨) શ્રી સ્થાનાંગ સૂત્ર - દીપિકા વૃત્તિ - શ્રી મેઘરાજ

(૩) અગડદત્ત ચરિત્રાણિ - સંસ્કૃત કથાઓ તેમજ ગુજરાતી રાસો

(૪) ચંદ્રલેખા ચરિત્રાણિ - સંસ્કૃત કથાઓ તેમજ ગુજરાતી રાસો

(૫) મંગળ કળશ ચારિત્રાણિ - સંસ્કૃત કથાઓ તેમજ ગુજરાતી રાસો

(૬) નાભેય નેમિ - દ્વિસંધાન કાવ્ય - સંસ્કૃત કથાઓ તેમજ ગુજરાતી રાસો

(૭) નેમિ શતક - અજ્ઞાત કર્તા

(૮) ઉપદેશમાલા રાસ - કવિ ઋષભદાસ વિરચિત

(૯) શ્રાદ્ધ વિધિ રાસ - કવિ ઋષભદાસ વિરચિત

# ચાલો, આપણા હસ્તલિખિત વારસાને સુરક્ષિત કરી લઇએ.

ગત પરિપત્રમાં પ્રસ્તુત વિષય અંતર્ગત વિદેશમાં તેમજ આપણા દેશમાં સરકારી ઇન્સ્ટીટ્યુટો તેમજ જૈનેતર સંસ્થાઓમાં રહેલ આપણી હસ્તલિખિત પ્રતોની માહિતિ આપી હતી. આ સંસ્થાઓએ જે તે વિષય પર શોધકાર્ય કરતા વિદ્વાનોને ખૂબ જ ઉપયોગી થઇ પડે એ રીતે પ્રત્યેક હસ્તપ્રતોના વિવિધ માહિતિસભર કેટલોગ પ્રકાશિત કર્યા છે. અને તેની માંગણી કરતા તેમના નિયમ મુજબ ઝેરોક્ષ નકલો અથવા તો સ્કેન કરેલી સી.ડી પણ પૂરી પાડે છે. જ્ઞાનદ્રવ્યનો સદ્‌વ્યય કરીને આ સંસ્થાઓ પાસેથી ડીઝીટલ ફોર્મેટમાં અથવા ઝેરોક્ષ નકલો મેળવીને પણ આપણે શ્રુતવારસો પાછો મેળવવો જોઇએ. જે ખૂબ જરૂરી જણાય છે.

## હસ્તપ્રત - જ્ઞાન રક્ષા

ગતલેખમાં શ્રી સંઘ અથવા ગુરૂભગવંત પ્રેરિત સંસ્થા કે સમુદાય કે શ્રેષ્ઠિઓ હસ્તકના જ્ઞાનભંડારો અંગે પણ વિચારણા થયેલ. હસ્તલિખિત વારસાને સુરક્ષિત કરવા બે મુદ્દે વિચારણા કરવાની છે. (૧) તે મૂળ સ્વરૂપે સારી રીતે સચવાઇ રહે. ઉધઇ, અગ્નિ, પાણી આદિ કુદરતી આપત્તિઓમાં તેનું સંરક્ષણ થઇ શકે અને વાતાવરણના ભેજ આદિની અસર ન લાગે તેમ સાચવવા. તે માટે પેટીપેક દાબડાઓમાં તે સચવાય, ઘોડાવજ, તમાકુનો ભૂકો વિ. દ્વારા રક્ષણ કરાય. શ્રુતપ્રભાકર મુનિ પુણ્યવિજયજી મહારાજાએ આ બાબત શ્રીસંઘમાં અત્યંત જાગૃતિ લાવી છે, તે બદલ સંઘ તેમનો ઋણી રહેશે. (૨) વળી, એથી'એ મહત્વની બાબત એમાં રહેલ શ્રુતજ્ઞાનની - પદાર્થોની સુરક્ષા કરવાની છે. આજે શ્રી સંઘ હસ્તકના જ્ઞાનભંડારોમાં તેનો કેટલોગ-સૂચિ બનાવવા, સ્કેનીંગ કરાવવા, પૂજ્યોને ઝેરોક્ષ નકલ આપવા માટે પ્રાયઃ વ્યવસ્થાતંત્ર હોતું નથી. જે યાદી બનાવેલી હોય છે તેમાં પણ જરૂરી ચાર-પાંચ વિગતોથી અધિક કંઇ હોતું નથી, જે વિચારણીય ગણાય. સંશોધકોને યાદી ઉપરથી જે તે કૃતિની અગત્યની સર્વ માહિતિ મળતી નથી.

## કંઇક આવું થઇ શકે....

વર્તમાન કાળને અનુલક્ષીને આ સર્વ હસ્તપ્રતોને સ્કેનીંગ કરાવી ડીવીડી ફોર્મેટમાં સાચવી લેવા જોઇએ. જો કે ઇલેક્ટ્રીક સાધનોની અનેક પ્રકારની મર્યાદાઓ છે. ગઇકાલની માઇક્રોફિલ્મ આજે ચાલતી નથી. આજની ડીવીડી માટે આવતીકાલનું ભાવિ કહી ન શકાય. જે તે કાળે પરિવર્તન પામતા/વિકસતા સાધનમાં એનું રૂપાંતરણ કરતા રહેવું જોઇએ. વાસ્તવમાં તો સ્કેનીંગ કરાવી સારા મજબૂત ટકાઉ કાગળો પર ખૂબ લાંબો સમય ટકી રહે એવી શાહીથી પ્રીન્ટીંગ ઝેરોક્ષ લઇ કાગળ ઉપર જ તે સાચવી લેવા જેવું છે. ભારતભરમાં અલગ અલગ પ્રદેશમાં ૩-૫ આવા સ્થાનો હોય, જ્યાં ભિન્ન ભિન્ન પ્રદેશોની ઓરીજનલ હસ્તપ્રતોની ઝેરોક્ષ સચવાયેલી રહે. જેથી ભવિષ્યમાં જે તે સ્થાનિક ભંડારને કંઇક આપત્તિ આવે ત્યારે પણ એમાનું શ્રુત તો અવશ્ય સચવાયેલું જ રહે અને સ્કેન કરેલ ડીવીડી ફોર્મેટમાં રહેલ કૃતિનું સંશોધન કરતાં પૂજ્યોને પ્રીન્ટ નકલ આપવામાં ખૂબ જ સરળતા રહેશે. ઉપરોક્ત સર્વ બાબતોમાં ગીતાર્થજ્ઞાની ગુરુભગવંતોનું માર્ગદર્શન અનિવાર્ય જાણવું.

## અનુમોદના....અનુમોદના.... વારંવાર

(૧) વર્તમાનમાં આ. કૈલાશસાગરસૂરિજી જ્ઞાનમંદિર, કોબા દ્વારા એક ઉત્તમ અભિગમ અને સંકલ્પ સિદ્ધિ સાથેનો દીવાદાંડીરૂપ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. બે લાખ હસ્તપ્રતો પૈકી તેઓએ ૩૫ હજાર હસ્તપ્રતોના વિસ્તૃત માહિતિ સભર ૧ થી ૮ સૂચિપત્રો પ્રકાશિત કર્યા છે. તથા આગામી સમયમાં બીજા ૪૭ કેટલોગ દ્વારા પ્રત્યેક હસ્તપ્રતનું વર્ગીકરણ કરી વિસ્તૃત માહિતિસભર સૂચિપત્ર પ્રકાશનનું આયોજન છે. સમુદાયાદિના ભેદભાવ વિના કોઇ

પણ ગુરૂભગવંતની માંગણી આવેથી ઉદારતાપૂર્વક હસ્તપ્રતની ઝેરોક્ષ તેમજ શ્રુતજ્ઞાનને લગતી કોઇપણ માહિતિ પૂરી પાડે છે. જેની હાર્દિક અનુમોદના... તેઓએ પણ પોતાના પાસે રહેલ હસ્તપ્રતોને તબક્કાવાર સ્કેનીંગ કરાવવાનું શરૂ કરેલ છે. જેની પણ હાર્દિક અનુમોદના કરીએ છીએ. પ્રેરક ગુરૂદેવ આ.પદ્મસાગરસૂરિજી તેમજ પં.અજયસાગરજી અને ટ્રસ્ટીઓની દીર્ઘદ્રષ્ટિને વંદન.

(૨) પાટણનો આ.હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડાર, પણ ગુરુભગવંતોની પ્રેરણા અને ટ્રસ્ટીઓની દીર્ઘદ્રષ્ટિના પ્રભાવે સંપૂર્ણ સ્કેનીંગ થઇ ચૂક્યો છે. તેઓ પણ નિયત ખર્ચ લઇને પોતાને ત્યાં રહેલ ગ્રંથોની નકલ સંશોધન-સંપાદન માટે ટોકન ચાર્જથી આપે છે. અનુમોદના...

(૩) એલ.ડી.ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડોલોજી દ્વારા પણ તેમને ત્યાં રહેલ હસ્તપ્રતોમાંથી કેટલીક હસ્તપ્રતોના કેટલોગ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અને સંશોધન-સંપાદન માટે ગ્રંથની ઝેરોક્ષ ટોકન ચાર્જ લઇને આપે છે. અનુમોદના...

(૪) ઉજ્જૈનનો આ.ચંદ્રસાગરસૂરિ જ્ઞાનભંડાર પણ જૈન વિશ્વભારતી લાડનૂ દ્વારા સ્કેનીંગ થઇ ગયો છે. અને તેના ડેટાશીટ ઉપરથી અમે સૂચિપત્ર પણ તૈયાર કર્યું છે. ઝેરોક્ષ નકલ સંશોધન માટે અમો આપીશું.

(૫) શ્રુત-રક્ષણ-સંવર્ધન-સંશોધન અને સંપાદનના ક્ષેત્રે અગ્રગણ્ય પુણ્યનામધેય શ્રી જંબૂવિજયજી મ.સા.દ્વારા જુદા જુદા ભંડારોમાં રહેલ અગત્યના હસ્તપ્રતગ્રંથોને સ્કેન કરાવીને ૧૦૪ ડીવીડી નો સેટ બનાવ્યો, તેઓએ કાગળ પર ઝેરોક્ષ નકલો પણ કરાવીને દસ જુદા જુદા જ્ઞાનભંડારોને પડતર કિંમતે આપેલ છે. અનુમોદના...

(૬) ખંભાત સ્થિત શ્રી શાંતિનાથ તાડપત્રિય ભંડારનો વિસ્તૃત કેટલોગ પૂ.પૂણ્યવિજયજી દ્વારા તથા લીંબડી જ્ઞાનભંડારનો કેટલોગ પૂ.ચતુરવિજયજી દ્વારા બનાવીને પ્રકાશિત થયેલ છે. જે પૈકી અગત્યના થોડાક ગ્રંથો માઇક્રોફિલ્મમાં સુરક્ષિત થયા છે.

(૭) જેસલમેર સ્થિત જ્ઞાનભંડારો ના કેટલોગ પણ પ્રકાશિત થયેલ છે અને સ્કેનીંગ કરીને તેમાં રહેલ પદાર્થોનું સંરક્ષણ થયેલ છે.

ઉપરોક્ત સર્વેની હાર્દિક અનુમોદના....

## ગુજરાતના હસ્તલિખિત જ્ઞાનભંડારો

આ સાથે ગુજરાત રાજ્યના વિભિન્ન ગામોના હસ્તલિખિત ભંડારોના અમારી પાસેની માહિતિ પૃષ્ઠ ૬ ઉપર રજૂ કરી રહ્યા છીએ. એ પાછળ અમારો ઉદ્દેશ્ય એ છે કે નૂતન સંશોધન-સંપાદન જેઓ કરતા હોય, તેઓને વિવિધ હસ્તપ્રતોની નકલની પ્રાપ્તિ માટેના સ્થાનની જાણકારી રહે. વળી, આ ભંડારોના પ્રાયઃ કરીને સૂચિપત્ર પ્રકાશિત નથી. તથા પ્રાયઃ કરી સ્કેનીંગ પણ થયેલું હોતું નથી. જે યાદિ હોય છે તે પણ ૪-૫ વિગત પૂરતી જ હોય છે. છતાં પણ મુદ્રિત કેટલોગ કે માહિતિસભર યાદિ હોય તો અમોને જણાવશો.

જે તે સંઘ પર વર્ચસ્વ, પ્રભાવ કે ઓળખાણ ધરાવનાર મહાત્માઓએ રસ લઇને તે સંઘના જ્ઞાનભંડારોનું એકવાર તો સ્કેનીંગ કરાવી જ લેવું જોઇએ. અને સૂચિપત્ર બનાવી લેવાથી પૂજ્યોને જરૂરી ગ્રંથોની જાણકારી મળી શકશે. અને આ સૂચિપત્ર કોમ્પ્યુટર ઉપર બનાવીને તેની ઝેરોક્ષ મશીન ઉપર મર્યાદિત ૨૦-૨૫ નકલ પ્રિન્ટ કરાવવાથી ઓછા ખર્ચે પણ ખૂબ જ ઉપયોગી કાર્ય બની રહેશે.

પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોને નમ્ર અરજ છે કે આપ જ્યાં પણ ચાતુર્માસ હો ત્યાં આસપાસના વિસ્તારમાં રહેલ હસ્તપ્રતજ્ઞાનભંડારનું નામ, સરનામું, હસ્તપ્રતની સંખ્યા, સંભાળનારનું નામ તથા વ્યવસ્થાપક ટ્રસ્ટીનું નામ અને ફોન નંબર અમને ખાસ લખી મોકલવા યોગ્ય કરશો. હસ્તપ્રતની ઝેરોક્ષ નકલ સંશોધન માટે આપતા હોય તો તેની વિગત પણ મોકલશો તો આગામી અંકમાં અનુમોદના કરીશું.

# જ્ઞાનભંડારોને સમૃધ્ધ કરવા માટેના પુસ્તકો

jainelibrary.org ની વેબ ઉપર રહેલ પૂર્વે મુદ્રિત પરંતુ અત્યારે પ્રાયઃ અપ્રાપ્ય પૂજ્યોને ઉપયોગી પુસ્તકો

| ક્રમ | પ્રતનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પૃષ્ઠ | નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | આચાર દિનકર ૧ | પૂ. વર્ધમાનસૂરિજી | સં. | ૩૧૦ | ૬૦૦૦૦૧ |
| ૨ | આચાર દિનકર ૨ | પૂ. વર્ધમાનસૂરિજી | સં. | ૫૩૪ | ૬૦૦૦૦૨ |
| ૩ | નિર્વાણ કલિકા | પૂ. પાદલિપ્તસૂરિજી | સં. | ૧૩૮ | ૬૦૦૦૦૪ |
| ૪ | તરંગવઇ કહા | પૂ. પાદલિપ્તસૂરિજી | સં. | ૧૩૦ | ૬૦૦૦૦૯ |
| ૫ | કલ્યાણ કલિકા ભા-૨ | પૂ. કલ્યાણવિજયજી | સં. | ૬૬૦ | ૬૦૦૦૧૮ |
| ૬ | સનત્કુમાર ચરિત્ર | પૂ. વર્ધમાનસૂરિજી | સં. | ૨૨૮ | ૬૦૦૦૨૧ |
| ૭ | પંચ સંગ્રહ ભાગ-૧ | પૂ. ચંદ્રર્ષિ મહત્તર | સં. | ૩૬૮ | ૬૦૦૦૨૭ |
| ૮ | પંચ સંગ્રહ ભાગ-૨ | પૂ. ચંદ્રર્ષિ મહત્તર | સં. | ૩૫૮ | ૬૦૦૦૨૮ |
| ૯ | પંચ સંગ્રહ ભાગ-૩ | પૂ. ચંદ્રર્ષિ મહત્તર | સં. | ૩૬૬ | ૬૦૦૦૨૯ |
| ૧૦ | પંચ સંગ્રહ ભાગ-૪ | પૂ. ચંદ્રર્ષિ મહત્તર | સં. | ૩૯૦ | ૬૦૦૦૩૦ |
| ૧૧ | આવશ્યક નિર્યુક્તિ દીપિકા-૧ | પૂ. માણિક્યશેખરસૂરિજી | સં. | ૪૬૦ | ૬૦૦૦૩૧ |
| ૧૨ | આવશ્યક નિર્યુક્તિ દીપિકા-૨ | પૂ. માણિક્યશેખરસૂરિજી | સં. | ૪૧૦ | ૬૦૦૦૩૨ |
| ૧૩ | આવશ્યક નિર્યુક્તિ દીપિકા-૩ | પૂ. માણિક્યશેખરસૂરિજી | સં. | ૧૦૬ | ૬૦૦૦૩૩ |
| ૧૪ | આધ પંચાશક ચૂર્ણિ | પૂ. યશોદેવસૂરિજી | સં. | ૨૧૮ | ૬૦૦૦૫૭ |
| ૧૫ | પ્રશ્ન ચિંતામણિ | પૂ. વીરવિજયજી | સં. | ૧૩૪ | ૬૦૦૦૫૨ |
| ૧૬ | અધ્યાત્મ કલ્પદ્રુમ | પૂ. મુનિમુન્દરસૂરિજી | સં. | ૩૨૪ | ૬૦૦૦૫૯ |
| ૧૭ | આવશ્યક નિર્યુક્તિ અવચૂર્ણિ-૧ | પૂ. જ્ઞાનસાગરસૂરિજી | સં. | ૨૪૪ | ૬૦૦૦૬૪ |
| ૧૮ | આવશ્યક નિર્યુક્તિ અવચૂર્ણિ-૨ | પૂ. જ્ઞાનસાગરસૂરિજી | સં. | ૩૩૮ | ૬૦૦૦૬૫ |
| ૧૯ | ઉતરાધ્યયન સૂત્ર-૧ સટીક | પૂ. શાંતિસૂરિજી | સં. | ૪૫૮ | ૬૦૦૦૬૬ |
| ૨૦ | ઉતરાધ્યયન સૂત્ર-૨ સટીક | પૂ. શાંતિસૂરિજી | સં. | ૫૭૦ | ૬૦૦૦૬૭ |
| ૨૧ | ઉતરાધ્યયન સૂત્ર-૩ સટીક | પૂ. શાંતિસૂરિજી | સં. | ૪૦૮ | ૬૦૦૦૬૮ |
| ૨૨ | દશ વૈકાલિક સૂત્ર સટિક | પૂ. સુમતિસાધુ | સં. | ૨૪૭ | ૬૦૦૦૯૩ |
| ૨૩ | તન્દૂલ વૈચારિકમ્ | પૂ. વિમલગણિ | સં. | ૧૬૦ | ૬૦૦૦૯૪ |
| ૨૪ | ભગવતી સૂત્ર અવચૂરિ | અજ્ઞાત | સં. | ૨૪૮ | ૬૦૦૧૧૫ |
| ૨૫ | સ્થાનાંગ સૂત્ર-દીપિકા વૃત્તિ | પૂ. વિમલહર્ષગણિ | સં. | ૪૫૮ | ૬૦૦૧૪૨ |
| ૨૬ | રાયપસેણિય સૂત્ર | શ્રી બેચરદાસ દોશી | સં. | ૫૩ | ૬૦૦૧૪૮ |
| ૨૭ | પ્રશ્નરત્નાકરાભિધ-શ્રીસેનપ્રશ્ન | પૂ. શુભવિજયજી ગણિ | સં. | ૨૬૪ | ૬૦૦૧૧૩ |
| ૨૮ | સંગ્રહણિ સૂત્રમ્ | પૂ. લલિતવિજયજી | સં. | ૨૯૨ | ૬૦૦૧૩૪ |
| ૨૯ | ઉપદેશ રત્નાકર | પૂ. મુનિસુંદરસૂરિજી | સં. | ૪૮૬ | ૬૦૦૦૭૩ |
| ૩૦ | ઉપદેશ શતક | પૂ. વિમલસૂરિજી | સં. | ૨૮ | ૬૦૦૦૭૪ |
| ૩૧ | શ્રમણ સૂત્ર-પક્ખિસૂત્ર-અવચૂરિ | પૂર્વાચાર્ય | સં. | ૧૨૦ | ૬૦૦૧૨૮ |
| ૩૨ | અન્યયોગ વ્યવચ્છેદક દ્વાત્રિંશિકા | હરગોવનદાસ શેઠ | સં. | ૨૨૪ | ૬૦૦૦૫૦ |
| ૩૩ | ધર્મ સંગ્રહણી -૧ | પૂ. કલ્યાણવિજયજી | સં. | ૪૨૪ | ૬૦૦૨૦૦ |
| ૩૪ | ધર્મ સંગ્રહણી -૨ | પૂ. કલ્યાણવિજયજી | સં. | ૫૮૪ | ૬૦૦૧૦૧ |
| ૩૫ | લલિતવિસ્તરા-ચૈત્યવંદનસૂત્ર-વૃત્તિ | પૂ. મુનિચંદ્રસૂરિજી | સં. | ૨૫૮ | ૬૦૦૧૨૦ |
| ૩૬ | આવશ્યક નિર્યુક્તિ ચૂર્ણિ-૧ | પૂ. જિનદાસગણિ મહત્તર | સં. | ૬૧૭ | --------- |
| ૩૭ | આવશ્યક નિર્યુક્તિ ચૂર્ણિ-૨ | પૂ. જિનદાસગણિ મહત્તર | સં. | ૩૨૫ | --------- |

# જૈન સંઘ /જૈન શ્રેષ્ઠીઓના વહીવટ હસ્તકના ગુજરાતના હસ્તપ્રત ભંડારો પ્રાયઃજેનું સ્કેનીંગ અને મુદ્રિત કેટલોગ પ્રકાશિત થવાના બાકી છે તેની વિગત

| ક્રમ | જ્ઞાનભંડારનું નામ | સરનામું | હસ્તપ્રત |
|---|---|---|---|
| ૧ | શ્રી ચારિત્રવિજયજી જ્ઞાનભંડાર | જૈન પ્રાચ્ય વિદ્યાભવન, અમદાવાદ | ૧૭૮૦ |
| ૨ | ડહેલાનો ઉપાશ્રય જ્ઞાનભંડાર | દોશીવાડાની પોળ, અમદાવાદ | ૧૨૦૦૦ |
| ૩ | શ્રી સંવેગી ઉપાશ્રય જૈન ભંડાર | હાજાપટેલની પોળ, અમદાવાદ | ૩૦૦૦ |
| ૪ | શ્રી નેમસાગરજી ઉપાશ્રય ભંડાર | આમલીનીપોળ, ઝવેરીવાડ, અમદાવાદ | ----- |
| ૫ | શ્રી વિમલગચ્છ ઉપાશ્રય | હાજાપટેલની પોળ, અમદાવાદ | ૧૪૨૬ |
| ૬ | શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી | વસંતકુંજ, પાલડી, અમદાવાદ | ૪૦૦૦ |
| ૭ | જૈન આત્માનંદ સભા | ભાવનગર | ૧૬૦૦ |
| ૮ | જૈન ધર્મ પ્રસારક સભા | ભાવનગર | ----- |
| ૯ | શ્રી યશોવિજયજી જૈન જ્ઞાનભંડાર | ભાવનગર | ----- |
| ૧૦ | ડોસાભાઇ અભેચંદની પેઢી | ભાવનગર | ----- |
| ૧૧ | શ્રી વીરવિજયજીનો જ્ઞાનભંડાર | ભઠ્ઠીની બારી, અમદાવાદ | ----- |
| ૧૨ | શ્રી સુમતિરત્નસૂરિજી ભંડાર | ખેડા | ----- |
| ૧૩ | શ્રી જૈન સંઘ જ્ઞાનભંડાર | લીંચ - ડી.મહેસાણા | ----- |
| ૧૪ | શ્રી જ્ઞાનવિમલસૂરિ ભંડાર | ખંભાત | ----- |
| ૧૫ | શ્રી નીતિવિજયજી જૈન જ્ઞાનભંડાર | ખંભાત | ----- |
| ૧૬ | શ્રી કમલસૂરિજી જૈન જ્ઞાનભંડાર | ખંભાત | ----- |
| ૧૭ | શ્રી કનકચંદ્રસૂરિજી જૈન જ્ઞાનભંડાર | ખંભાત | ----- |
| ૧૮ | ઘડીયાળી પોળ જૈન જ્ઞાનભંડાર | વડોદરા | ૪૩૫૦ |
| ૧૯ | શ્રી કાંતીવિજયજી જૈન શાસ્ત્ર સંગ્રહ | નરસીંહનીપોળ, વડોદરા | ૩૦૦૦ |
| ૨૦ | શ્રી હંસવિજયજી જૈન શાસ્ત્ર સંગ્રહ | વડોદરા | ----- |
| ૨૧ | શ્રી કાન્તિવિજયજી શાસ્ત્ર સંગ્રહ | છાણી, ડી.વડોદરા | ----- |
| ૨૨ | શ્રી વિનયવિજયજી જૈન પુસ્તકાલય | ચાણસ્મા | ----- |
| ૨૩ | શ્રી જૈનાનંદ પુસ્કાલય | સુરત | ૩૧૦૦ |
| ૨૪ | શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર | સુરત | ૧૦૨૯ |
| ૨૫ | શ્રી હુકમમુનિ જ્ઞાનભંડાર | સુરત | ૭૧૧ |
| ૨૬ | શ્રી મોહનલાલજી જ્ઞાનભંડાર | સુરત | ૪૫૫૨ |
| ૨૭ | શ્રી નેમચંદ મેલાપચંદ ઉપાશ્રય | સુરત | ૮૯૧ |
| ૨૮ | શ્રી દેવસૂર ગચ્છ સંગ્રહ | સુરત | ૧૦૪૦ |
| ૨૯ | શ્રી અણસૂર ગચ્છ સંગ્રહ | સુરત | ૧૬૧૨ |
| ૩૦ | શ્રી નેમિવિજ્ઞાન કસ્તુરસૂરિ જ્ઞાનભંડાર | ગોપીપુરા, સુરત | ----- |
| ૩૧ | શેઠ આણંદજી કલ્યાણજી પેઢી | તળેટી રોડ, પાલીતાણા | ૩૫૦૦ |
| ૩૨ | શ્રી સાહિત્ય મંદિર જ્ઞાનભંડાર | તળેટી રોડ, પાલીતાણા | ૩૦૦૦ |
| ૩૩ | શ્રી જિન હરિ વિહાર ધર્મશાળા | તળેટી રોડ, પાલીતાણા | ----- |
| ૩૪ | પાઠશાળા જ્ઞાનભંડાર | જામનગર | ----- |
| ૩૫ | શ્રી મુક્તાબાઇ જ્ઞાનભંડાર | ડભોઇ | ----- |
| ૩૬ | શ્રી ખરતરગચ્છ સંઘ ભંડાર | માંડવી (કચ્છ) | ----- |

# મૂંઝવણમાં મળ્યું માર્ગદર્શન

પૂર્વના પરિપત્ર-૧૨ માં માર્ગદર્શનાર્થે પૂછેલ કેટલાક પ્રશ્નોના કેટલાક ગુરૂભગવંતો પાસેથી મળેલ ઉત્તરોની સંકલના આ મુજબ જાણવી.

શ્રાવકોના ઘરમાં વધારાના થઇ પડેલ જૂના પુસ્તકો, માસિક આદિ વાંચનોપયોગી સામગ્રી, શક્ય છે કે બીજાને માટે ઉપયોગી થઇ પડે. દિવાળીના અવસરે ઘરની સાફ-સફાઇમાં જ્યારે આવું ઘણું બધુ નિકળતું હોય ત્યારે શ્રીસંઘમાં જે તે યુવકમંડળે આ બાબત કાર્યરત થવું જોઇએ. જેને પણ ત્યાં આવા વધારાના વાંચનોપયોગી પુસ્તકો હોય તેઓ નિયત કરેલ સ્થાન પર બધુ મૂકી જાય. વળી આ ખુલ્લુ સ્થાન હોય, જેમાં ત્યાં આવેલ પુસ્તકો કોઇને ઘરે લઇ જવા હોય તો લઇ પણ જઇ શકે. દીવાળી બાદ, આ રીતે એકઠા થયેલ પુસ્તકોનો નીચે મુજબ સદુપયોગ કરી શકાય.

(૧) સારા વાંચનાપયોગી, જીવનપથપ્રદર્શક ૫૦-૧૦૦ પુસ્તકો/મેગેઝીનો ઉપાશ્રયમાં-ધર્મશાળામાં બધાની નજરમાં રહે એમ રાખી મૂકવા જોઇએ. જેથી શેષકાળમાં ઉપાશ્રયે આવતા સાધુ-સાધ્વીજી ભગવંતોને કે ધર્મશાળાના યાત્રિકોને સદ્વાંચનનું એક નિમિત્ત મળી રહે.

(૨) ૨૫-૨૫ પુસ્તક/મેગેઝીનાદિનો સેટ બનાવી જ્યારે તીર્થયાત્રા કરવા જઇએ ત્યારે રસ્તામાં આવતા વિહારધામોમાં મૂકી શકાય.

(૩) જનરલ જીવનપયોગી આપણા ગુરૂભગવંતોના લખાણો-પુસ્તકોને હોસ્પિટલો, તેના રૂમોમાં, વૃધ્ધાશ્રમોમાં, અનાથાશ્રમોમાં, રેલ્વેમાં વેઇટીંગ સ્થાનો, જાહેર વાંચનના સ્થળો આદિ જાહેર સ્થાનોમાં યથાયોગ્ય રીતે મૂકવા જોઇએ, જે ક્યારેક કોઇના જીવનનું પરિવર્તન કરાવી દે.

(આજે રોજેરોજ જ્યારે સમાચારપત્રો, મેગેઝીનો દ્વારા અઢળક અશ્લીલ, બિભત્સ અને વિકૃત ચિત્રો, લખાણોનો પૂરજોશમાં મારો સમાજ ઉપર છવાઇ રહ્યો છે, ત્યારે આવા સદ્વાંચનો માનસિક શુદ્ધ પર્યાવરણનું નિર્માણ કરવામાં સહાયક બની રહે. ડીપ્રેશન, હતાશા-નિરાશામાં અટવાયેલા કો'કને માર્ગદર્શન આપી શકે, તો વળી કો'કને સુકૃત કાર્યો કરવાની પ્રેરણા આપી રહેશે)

(૪) જો ક્યાંક નવો જ્ઞાનભંડાર કરવો હોય તો આ રીતે આમાંથી જ્ઞાનભંડાર ઉપયોગી ઘણા પુસ્તકો સીધા મળી રહેશે.

(૫) આ રીતે જૂના પુસ્તકો ઉઘરાવવામાં ભગવાનના ફોટાઓ, જૂના પંચાંગો, તૂટેલા સાપડા, ચરવળાની દાંડીઓ વિગેરે ન આવવું જોઇએ છતાં પણ ઘણું આવશે. તે માટેની માહિતિ આવતા અંકમાં આપશું.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :

**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર**

શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com